ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૨૨ ટકા

# સે-૨૨માં રખડતી ગાયો તથા આખલાનો ત્રાસ

## અનિયમિત સ્ટ્રીટલાઈટો અને વધી ગયેલા ગેરકાયદેસર દબાણો અંગે પણ રજૂઆત કરાઈ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના સેકટર-૨૨માં ઘ-૬ કોર્નર નજીકના રહેણાંક મકાનો નજીક છેલ્લા કેટલાક દિવસથી રખડતી ગાયો અને આખલાનો ત્રાસ વધી જવા પામ્યો છે. જુની પાંજરાપોળ હતી તે વિસ્તારમાં આ રખડતી ગાયો-આખલાએ તાજેતરમાં જ એક યુવતિનો હડફેટે લઈ ઈજા પહોંચાડી હતી. રખડતી ગાયો-આખલાના ત્રાસ સામે સેકટર-૨૨ના વસાહત મંડળ દ્વારા મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખી સત્વરે ઉકેલ લાવવા માંગ કરી છે. આ ઉપરાંત રહેણાંક વિસ્તારમાં રૂના પિંજારા તથા પાણીપુરીની લારીઓનો અડીંગો જામ્યો છે તેને પણ સત્વરે હટાવવા માંગ કરવામાં આવી છે.

ઘ-૬ સર્કલ નજીકના સેકટર-૨૨ના કોર્નરના વિસ્તારમાં ગાયો-આખલાના ત્રાસે માઝા મુકી છે. દિવસ દરમિયાન અહીં છુટ્ટી ફરતી ગાયો અને આખલા ગમે તેને શિંગડે ભેરવે છે તેથી આ વિસ્તારના રહીશોમાં ભયની લાગણી છવાઈ છે અને કેટલાક તો ડરના માર્યા ઘરની બહાર પણ નીકળી શકતા નથી વળી, રાત્રિના સમયે આ ગાયો-આખલા તોફાને ચઢતા કામધંધે કે નોકરીએથી પરત આવતા વસાહતીઓ ખાસ કરીને મહિલાઓ માટે જોખમરૂપ બની રહ્યા છે. ગાયો-આખલાની મસ્તીના કારણે બાળક પણ બહાર રમવા જઈ શકતા નથી તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. તાજેતરમાં આ ગાયોએ એક યુવતિને શિંગડે ભરાવતા તે ઈજાગ્રસ્ત થવા પામી હતી. આશ્ચર્યની વાત તો એ છે કે જયાં આખા ગાંધીનગરની વિવિધ કાર્યવાહી હાથ ધરાય છે ત્યાં જ આ ગાયો-આખલા બિંદાસપણે ઉત્પાત મચાવે છે. પરંતુ તંત્ર દ્વારા કોઈ પગલાં ભરાતા નથી. જેથી આ વિસ્તારના વસાહતીઓએ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખી સત્વરે સમસ્યા ઉકેલવા માંગ કરી છે. વસાહતીઓએ આ અંગે શહેરી વિકાસ મંત્રી નીતિનભાઈ પટેલ તથા શંકરભાઈ ચૌધરીને પણ જાણ કરી છે.

બીજી તરફ આ વિસ્તારમાં ગેરકાયદેસર દબાણો પણ ફુલ્યાફાલ્યા હોવાની બાબતે વસાહતીઓએ તેને દૂર કરવા માંગ કરી છે. આ દબાણોમાં ખાસ કરીન ઝુંપડપટ્ટી-રૂ પીંજવાના મશીનો તેમજ પાણીપુરીની લારીઓનો અડીંગો જામ્યો છે. રૂ-પીંજણનું મશીન ખુલ્લામાં ચલાવાતું હોવાને કારણે ખુલ્લામાં ભરાતા રૂને કારણે આખા વિસ્તારમાં રજકણો ફેલાતી હોવાથી સ્વાસ્થ્ય પર ખતરો હોવાની રાવ ઉઠવા પામી છે. સત્વરે આ વિસ્તારમાંથી ગેરકાયદેસર દબાણો દૂર કરવા માંગ કરવામાં આવી છે. વળી, અહીં પાણીપુરીની લારીઓએ પણ અડીંગો જમાવ્યો હોઈ સાંજના સમયે ત્યાંથી પસાર થતી મહિલાઓને મુશ્કેલી પડી રહી છે. વસાહતીઓ દ્વારા સેકટરમાં સ્ટ્રીટ લાઈટોના ધાંધિયા અંગે પણ ફરિયાદ કરવામાં આવી છે.

# તમને આઈપીએલમાં ૨૫ લાખનું ઈનામ લાગ્યું છે

ગાંધીનગર, તા.૧૫

આજે વિશ્વભરમાં વાઈરસના ગ્લોબલ સાયબર એટેકનો ખતરો મંડરાયેલો રહ્યો હતો. વિશ્વમાં હવે સાયબર ક્રાઈમ એક મોટી સમસ્યા બનીને વકરી રહ્યું છે. ગાંધીનગરમાં પણ 'ફેક કૉલ' નો ખતરો દરવાજા ખટખટાવી રહ્યો છે. શહેરમાં છેલ્લા એક માસમાં વિવિધ પ્રકારના ફેક કૉલની સંખ્યા વધી જવા પામી છે જેના કારણે ફોનધારકોમાં ફફડાટ વ્યાપ્યો છે.

વિદેશી નંબરો પરથી 'મિસ્ડ કૉલ' આવવાની ફરિયાદો શહેરના મોબાઈલ ધારકોમાં વધવા પામી છે. આ ઉપરાંત આઈપીએલમાં તમારો નંબર સિલેકટ થયો છે અને તમને ૨૫ લાખની લૉટરી લાગી છે તેવી લોભામણી ઓફર કરી વિદેશી નંબર આપી ઈનામની રકમનો દાવો કરવા લોભાવતા કૉલ્સની સંખ્યા દિન પ્રતિદિન વધી રહી છે. આ પ્રકારના અસુરક્ષિત વિદેશી કૉલ દ્વારા સ્માર્ટ ફોનને હેક કરી ડેટા ચોરી કરવાની તરકીબો અજમાવાતી હોય છે. જયારથી ડિજીટલ ઈન્ડિયા અંતર્ગત કેશલેસ અને મોબાઈલ બેકિંગનો વપરાશ વધ્યો છે ત્યારથી આ પ્રકારના કૉલ્સની સંખ્યામાં પણ વધારો થયેલો જોવા મળી રહ્યો છે.

છેલ્લા એક વર્ષમાં વિમા પોલિસી કે ઈનામની રકમ વગેરેના આધારે ઓનલાઈન છેતરપીંડીની અનેક ઘટનાઓ સર્જાઈ ચુકી છે અને તેની

**શહેરમાં ફેક કૉલ્સની સંખ્યામાં ચિંતાજનક વધારો : અજાણ્યા વિદેશી નંબરોથી આવતા મિસ્ડ કૉલની સંખ્યા પણ વધી : શહેરના મોબાઈલ ધારકોએ સાવધ રહેવાની તાતી જરૂર**

ફરિયાદો પણ થવા પામી છે. આમ છતાં આ પ્રકારના ફેક કૉલ્સની સંખ્યા દિનપ્રતિદિન વધતી જાય છે તે ચિંતાજનક બાબત છે.

ફલાણી કંપનીમાંથી બોલું છું અને તમને ફલાણું ઈનામ લાગ્યું છે અથવા ફલાણી બેંકમાંથી બોલું છું અને તમારું બેંક એકાઉન્ટ લોક થઈ જશે માટે વિગતો આપો કહી નાણાંકીય છેતરપીંડીના અનેક બનાવો સામે આવ્યા છે. શહેરના મોબાઈલ ફોન ધારકોના ફોન પર વિદેશી નંબરોથી મિસ કૉલ આવવા અને સામે કૉલ કરતા બેલેન્સ ઉડી જવું તેવી ઘટનાઓ પણ વધી રહી છે. ટ્રુ કૉલર જેવી કોલીંગ આઈડેન્ટિટી દર્શાવતી એપ પર પાકીસ્તાન, કે અન્ય દેશનો અપરિચિત નંબર ડિસ્પ્લે થતો હોય છે. નગરજનોએ આ પ્રકારના કૉલ્સથી સાવધ રહેવું અત્યંત જરુરી છે અને આ પ્રકારના અજાણ્યા ફોન કૉલ્સ રિસિવ ના કરવા અથવા સામે કૉલ ના કરવો તે ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે. આમ છતાં જો આ પ્રકારના કૉલ્સ વધુ આવે તો સત્વરે સાયબર ક્રાઈમ સુરક્ષા કવચ સેલને અથવા નજીકના પોલિસ સ્ટેશને જાણ કરવી હિતાવહ છે.

# ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ તરીકે વિષ્ણુ પંડયાએ હવાલો સંભાળ્યો



ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ તરીકે ગુજરાત સરકાર દ્વારા શ્રી વિષ્ણુ પંડયાની નિમણુંક કરવામાં આવી છે. શ્રી પંડયાએ આ પદનો પદભાર સંભાળ્યો છે.

શ્રી પંડયાને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી ઉપરાંત પૂજય મોરારી બાપુ તથા ભાઈશ્રી રમેશભાઈ ઓઝા, મહંત માધવ પ્રિયદાસજી સહિત વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ દ્વારા શ્રી વિષ્ણુભાઈ પંડયાને અભિનંદન પાઠવ્યા હતા. ગુજરાત સાહિત્ય પરિષદના કેટલાક હોદ્દેદારો સહિત અગ્રણી સાહિત્યકારોએ પણ શ્રી પંડયાનું અભિવાદન કર્યું હતું. શ્રી પંડયાએ આયોજન પૂર્વક સાહિત્ય પ્રસાર કાર્યને દિશા અર્પવાનો વિશ્વાસ વ્યકત કર્યો હતો.



ગાંધીનગર સાથે ન્યુ ગાંધીનગર વિસ્તારમાં પણ વિકાસના કાર્યો ઝડપભેર હાથ ધરાઈ રહ્યાં છે. કુડાસણ વિસ્તારમાં નાગરિકોને પ્રાથમિક સુવિધા સાથે સવલત જળવાય તેવા કાર્યોને પ્રાથમિકતા અપાઈ રહી છે. કુડાસણ માર્ગોને હવે પાટનગરની જેમ ફુટપાથથી સજ્જ કરવામાં આવી રહી છે જે અંતર્ગત નવીન ફુટપાથ બનાવવાનું કાર્ય જોશભેર ચાલી રહ્યું છે.

# આસામ રાજયના ડેલીગેશને ચિલોડા મંડળીની મુલાકાત લીધી





ધી ચિલોડા સેવા સહકારી મંડળી દિન પ્રતિદિન પ્રગતિના શિખરો સર કરી રહી છે. ત્યારે સહકારી ક્ષેત્રે અને ખેડુતો માટે સહાયરુપ બનતી મંડળીની પ્રગતિ અંગે વિસ્તૃત માહિતિ અને માર્ગદર્શન મેળવવા આસામ રાજયનું ખાસ એક પ્રતિનિધિ મંડળ ચિલોડા ખાતે આવી પહોંચ્યું હતું. જેમાં મંડળીના ચેરમેન જૈમિનભાઈ પટેલ અને મંત્રી જયંતિભાઈ પટેલે આવકારી મંડળીને લગતી જરુરી વિગતો અને માહિતી ડેલીગેશન ટીમને પુરી પાડી હતી.

## આઈ લવ માય ગાંધીનગર



**આકાશ ગોહિલ**
**વિદ્યાર્થી**

**ગાંધીનગર ગમે**

મનભાવન પ્રકૃતિ, મનોહર સૌંદર્ય, મિલનસાર લોકો અને સતત પ્રવૃત્તિમાં રત રહેતા સેવાભાવીઓ, સમાજકર્મીઓને કારણે ગાંધીનગર શહેર ગમે છે.

**નગરજનો**

કલા-સંસ્કૃતિ-સેવા-સમાજ પ્રેમી આદર્શ નાગરિકો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

પ્રેરણા વિદ્યાલય, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન કાઉન્સિલ, આર્ષ, યુવા દિશા કેન્દ્ર, જી ઈ કલબ જેવી સંસ્થાઓની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

સમાજ અને દેશના વિકાસમાં યુવાનો સહભાગી બની શકે એ માટે એમને વિગતવાર સમજ અને પધ્ધતિસરની તાલીમ આપવા માટે કોઈ નિશ્ચિત વ્યવસ્થાતંત્ર હોવું જોઈએ એમ હું માનું છું.

**નગર માટે હું કરી શકું**

સમાજવિકાસ પ્રવૃત્તિઓનો ભેખ લીધો છે, એ માટે મારી સઘળી સહાય આપવા માટે હું તત્પર છું.

## સિવિલ તથા આર્યુવેદ દવાખાના સે–૭ ખાતે સ્થૌલ્ય રોગ માટે ખાસ ઓ.પી.ડી સારવાર અપાશે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરમાં આવેલ સિવિલ આર્યુવેદ ઓ.પી.ડી. ખાતે મધુમેહ તથા આર્યુવેદ દવાખાના સેકટર–૭ ખાતે સ્થૌલ્ય રોગ માટે ખાસ ઓ.પી.ડી સારવાર શરૂ કરવાનું જિલ્લા આર્યુવેદ અધિકારી, ગાંધીનગરે જણાવ્યું છે.

સેકટર – ૭ સરકારી આર્યુવેદ દવાખાના ખાતે સ્થૌલ્ય માટે તા. ૧૭-૦૫-૨૦૧૭થી દર બુધવારે તથા સિવિલ આર્યવેદ ઓ.પી.ડી ખાતે મધુમેહ ડાયાબીટીસ માટે તા. ૧૮-૦૫-૨૦૧૭થી દર ગુરૂવારે ખાસ ઓપીડી શરૂ કરાશે. જેનો મહત્તમ લોકોને લાભ લેવા જણાવ્યું છે.

## ખોરજ ગામની જમીનના નકલી કાગળો બનાવનાર ચાર ઈસમો સામે ફરિયાદ

ગાંધીનગર, તા. ૧૫

ગતિશીલ ગુજરાતમાં જમીનના ભાવ આસમાનને આંબે છે. જેમાં રાજયના મોટા શહેરોની આસપાસની જમીન તો સોના સમાન ગણાય છે. જે ખેડુતને રોડ ટચ જમીન હોય તે ખેડુત ફુલ્યો શમાતો નથી. ત્યારે જમીનના વધતા ભાવને પગલે છેંતરપિંડીના કિસ્સા પણ મોટીસંખ્યામાં પ્રકાશમાં આવે છે. ત્યારે ગાંધીનગર-સરખેજ માર્ગ પર આવેલ ખોરજ ગામના એક ખેડુતની જમીનના નકલી કાગળો ઉભા કરીને પચાવી પાડવાનો કારસો રચનાર ચાર ઈસ્મો સામે અડાલજ પોલીસ મથકે ખેડુતે ફરિયાદ નોંધાઈ છે જેને પગલે પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગાંધીનગર-સરખેજ માર્ગ પર આવેલ ખોરજ ગામની સર્વે નં-૨૨ની જમીનના જયદીપ મુગજી રાજપૂત, કમલેશ પ્રવિણ પટેલ, બિજેશ પ્રવિણ પટેલ, ચમન ગોંવિદભાઈ પટેલે જમીનના નકલી કાગળો ઉભા કરીને પાવર ઓફ એટર્ની કરીને જમીન પચાવી પાડવાનો પ્રયાસ કર્યા હતો. જેમાં જુના સ્ટેમ્પ પેપરનો ઉપયોગ કરીને જમીન માલિકની ખોટી સહીં કરીને પાવર ઓફ એટર્ની બનાવટી કરીને નકલી દસ્તાવેજ બનાવી ગેરકાયદેસર જમીન પચાવી પાડવાનો કારસો રચનાર ચાર ઈસમો સામે ડી.એ.પટેલે અડાલજ પોલીસ મથકે ગુનોં નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

## શહેરમાં સપ્તાહ પૂર્વે દાઝી ગયેલ યુવતિનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના ઘ-૭ સેકટર-૨૮ સ્થિત ચરેડી છાપરામાં ગત્ તા.૯ મે ના રોજ સવારના સુમારે યાસ્મીન ફરીદભાઈ ચૌહાણે ઉ.વ.-૨૮ અગમ્ય કારણોસર શરીરે કેરોસીન છાંટીને દાઝી ગઈ હતી. શરીરે ગંભીર રીતે દાઝી જતા યુવતિને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. ત્યાંથી વધુ સારવાર માટે યુવતિને અમદાવાદ સિવિલ ખાતે લઈ જવાઈ હતી. જયાં સારવાર બાદ ગત્ રોજ યુવતિનું મૃત્યું નિપજયુ હતુ. આ બનાવમાં પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## રેન્સમવેર વાયરસ માટે એટીએમ સોફ્ટ ટાર્ગેટ

ગાંધીનગર, તા.૧૫

રેન્સમવેર વાઈરસ માટે એટીએમ સરળ નિશાન છે કારણ કે, ૭૦ ટકા એટીએમમમાં વીન્ડોઝ એકસપી વર્ઝન છે. એટીએમ મારફતે વાઈરસની અસર વધુ ના ફેલાય અને તેનાથી કોઈ મોટાપાયે ગંભીર નુકસાન ના થાય તે હેતુથી વિવિધ બેંકોના એટીએમ પણ આજે મોડી સાંજ પછી બંધ કરી દેવાયા હતા. જો કે, આરબીઆઈએ એટીએમ બંધની કોઈ સત્તાવાર સૂચના જારી કરી ન હતી પરંતુ એટીએમના સોફટવેર અપગ્રેડેશન અને તકેદારીની તાકીદ ચોક્કસ કરી હતી.

# ઉચ્ચ શિક્ષણમાંથી સેમેસ્ટર પ્રથા નાબુદ કરો : એબીવીપી

## સેમેસ્ટર પ્રથાને કારણે વિદ્યાર્થીઓનું શિક્ષણ કથળ્યું : અભ્યાસેત્તર પ્રવૃત્તિઓમાં પણ સહભાગિતા ઘટતા પ્રતિભા વિકાસ રૂંધાય છે : સત્વરે સેમેસ્ટર પ્રથા નાબુદ નહીં કરાય તો વિધાનસભા ઘેરાવ સુધીના કાર્યક્રમોની ચિમકી

ગાંધીનગર, તા.૧૫

રાજયભરમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા કોલેજોમાં ચાલતી સેમેસ્ટર પ્રથા સામે અવાજ ઉઠાવાઈ રહ્યો છે. આજે ગાંધીનગર ખાતે પણ એબીવીપીના જિલ્લા એકમ દ્વારા સેમેસ્ટર પ્રથાનો વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. સેકટર-૧૨માં બલરામ ભવન ખાતે યોજવામાં આવેલ એક પત્રકાર પરિષદમાં એબીવીપીના જિલ્લા સંયોજક કિરણ છેડાએ જણાવ્યું હતું કે જો સરકાર સત્વરે સેમેસ્ટર પ્રથા રદ નહી કરે તો વિદ્યાર્થી પરિષદ આક્રમક પગલાં ભરશે તથા જરૂર પડે વિધાનસભાનો ઘેરાવ પણ કરવામાં આવશે.

ઉચ્ચ શિક્ષણમાં ચાલતી સેમેસ્ટર પ્રથાને કારણે વિદ્યાર્થીઓને વર્ગખંડ શિક્ષણ માટે માત્ર ૪૦થી ૫૦ દિવસનો જ સમય મળતો હોવાના દાવા સાથે આ પ્રથાને લીધે વિદ્યાર્થીઓનું અહિત થતું હોવાના કારણોસર સત્વરે પ્રથા રદ કરવા એબીવીપી દ્વારા માંગ કરવામાં આવી છે. સેમેસ્ટર પ્રથાને કારણે વર્ષમાં બે ઈન્ટર્નલ અને બે એકસ્ટર્નલ એટલે કે વાર્ષિક પરીક્ષાઓ લેવાતી હોવાથી વિદ્યાર્થીઓ પર આર્થિક ભારણ પણ વધ્યું છે તેમજ તેમની અભ્યાસેત્તર પ્રવૃત્તિઓ જેવી કે એનસીસી, એનએસએસ ઉપરાંત સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વગેરેમાં રૂચિ ઘટતી જાય છે જેથી તેમની પ્રતિભા વિકાસ પર પણ અસર પડે છે. વળી, વારંવારની પરીક્ષાઓને કારણે અધ્યાપકો પર કામનો બોજો વધે છે અને શિક્ષણ માત્ર પરીક્ષા લક્ષી બનવા પામે છે જેથી વિષયનું ઉંડુ જ્ઞાન પ્રાપ્ત થતું નથી. આ પ્રકારના અન્ય કારણોસર પણ વિદ્યાર્થી પરિષદ દ્વારા સેમેસ્ટર પ્રથા સામે સવાલો ઉઠાવવામાં આવ્યા છે.

એબીવીપી દ્વારા યોજાયેલ પત્રકાર પરિષદમાં જિલ્લા સંયોજક કિરણ છેડા ઉપરાંત જિલ્લામાંથી જયદીપ શર્મા અને સેન્ટ્રલ યુનિ. એકમના પ્રમુખ મયુર પટેલ સહિત અન્ય કાર્યકરો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે તેમણે સત્વરે સેમેસ્ટર સિસ્ટમ નાબુદ નહીં કરાય તો વિધાનસભા ઘેરાવ સુધીના જલદ કાર્યક્રમો આપવા સુધીની તૈયારી દર્શાવી હતી.




## @ગાંધીનગર

● આર્ટ ઓફ લિવીંગ દ્વારા સે-૧૧ મેઘમલ્હાર કોમ્પ્લેક્ષના બીજા માળે સવારે ૧૦ કલાકે ૧૪ વર્ષ સુધીના બાળકો માટે યસ પ્રોગ્રામ યોજાશે.

## વાતવાતમાં

● ગાંધીનગર જિલ્લાના થડાકુવા ગામે મહાકાળી માતાજીના મંદિરે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો. આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં દહેગામના ધારાસભ્ય કામિનિબા રાઠોડે ઉપસ્થિત રહી આર્શીવાદ પ્રાપ્ત કર્યા હતાં.

● સચિવાલય ખાતે યુવા, સાંસ્કૃતિક અને રમતગમત મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીના કાર્યાલયમાં તેમના મતવિસ્તાર વડોદરા જિલ્લાના અંતરિયાળ ગામનો એક નાગરિક સાવ લઘરવઘર હાલતમાં કેટલીક રજૂઆતો લઈને મળવા આવ્યો હતો. મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ તેમને ખૂબ જ ધ્યાનથી સાંભળી તેમની લેખિત અરજી લઈ લીધા બાદ તેની હાલત જોઈ તેને પરત ફરવા ભાડાના પૈસા આપી ઉદારતા દાખવી હતી.

● ઘ-૪ સર્કલે સર્વર્ણિમ પાર્ક ખાતે એટીએમ કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા રવિવારે મધર્સ ડે નિમિત્તેના કાર્યક્રમમાં તમામ ગિટારિસ્ટે માતાને સમર્પિત ગીતો પ્રસ્તુત કરી પ્રેક્ષકોને ભાવવિભોર કર્યા હતા.

## જર્મનીના કોન્સલ જનરલ રાજયપાલશ્રીની શુભેચ્છા મુલાકાતે

ગાંધીનગર, તા.૧૫

જર્મનીના કોન્સલ જનરલ શ્રીયુત ડૉ. જુઅર્જન મોરહાર્ડ, મુંબઈએ આજે રાજભવન ખાતે ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

ગુજરાતની પ્રથમવાર મુલાકાતે આવેલ શ્રીયુત મોરહાર્ડ અને રાજયપાલશ્રી વચ્ચે વિકાસના વિવિધ ક્ષેત્રોના સંબંધમાં ચર્ચા થઈ હતી.

## સે-૪-ડીની આગ સત્વરે કાબુમાં લેવાઈ હોવાનો દાવો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના સેકટર-૪-ડી ખાતે વહેલી સવારે વન વિભાગની જગ્યામાં આગ લાગવાના બનાવમાં મકાન માલિક દ્વારા આગને પાડોશીઓ દ્વારા પાણી નાંખીને કાબુમાં લેવાઈ હોવાનો દાવો રજૂ કરાયો છે. આ સાથે તેમણે ઝડપથી આગ કાબુમાં લેવાઈ હોવાથી પર્યાવરણને પણ કોઈ નુકશાન ન થાય તેની તકેદારી લેવાઈ હોવાના ખુલાસા સાથે પાડોશીઓમાં પણ કોઈ ઝઘડો થયો ના હોવાનું જણાવવામાં આવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. જશીબેન ગોવિંદભાઈ રાવલ, ઉ.વ. ૭૦
- સ્વ. શાંતાબેન રામાજી ઠાકોર, ઉ.વ. ૭૫
- સ્વ. મીનાબા મહાવીરસિંહ રાઓલ, ઉ.વ. ૩૧
- સ્વ. ચંદ્રકાન્ત મણીલાલ પટેલ, ઉ.વ. ૩૮
- સ્વ. મફતભાઈ ખેંગારભાઈ રબારી, ઉ.વ. ૬૧
- સ્વ. કંચનબેન નરસિંહભાઈ પટેલ, ઉ.વ. ૫૩
- સ્વ. કાન્તિજી રામાજી પરમાર, ઉ.વ. ૩૫